**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**
છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ-૫-સી, ઝોન-૫,
ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૦૫૦, ગુજરાત.
ફોન: ૦૭૯ ૨૩૬૦ ૨૦૦૦, ફેક્સ : ૦૭૯ ૨૩૬૦ ૨૦૫૪/૫૫
ઇ-મેલ એડ્રેસ: gerc@gercin.org, વેબસાઇટ: www.gercin.org

## <u>જાહેર નોટિસ</u>

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રીડ ઇન્ટરેક્ટિવ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ) વિનિયમો, ૨૦૨૬ નો મુસદ્દો

વિજ અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩ નો અધિનિયમ ૩૬) ની કલમ ૧૮૧ અન્વયે, આયોગ દ્વારા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રીડ ઇન્ટરેક્ટિવ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ) વિનિયમો, ૨૦૨૬ નો મુસદ્દો તૈયાર કરેલ છે.

આયોગ દ્વારા પોતાની વેબસાઇટ (www.gercin.org) ઉપર આ સંબંધિત વિનિયમોનો મુસદ્દો હિતધારકો પાસેથી વાંધા / સૂચનો મેળવવા માટે મૂકેલ છે.

આથી જાહેર કરવામાં આવે છે કે સદર મુસદ્દા અંગે જે વ્યક્તિઓ પોતાના વાંધા / સૂચનો રજુ કરવા ઇચ્છતા હોય તેઓએ તેમના પુરા નામ અને સરનામા સાથે વાંધાઓ / સૂચનોની પાંચ નકલો જરૂરી સોગંદનામા સાથે આ નોટિસની તારીખથી ૩૦ દિવસની અંદર સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,, છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ-૫-સી, ઝોન-૫, ગીફ્ટ-સીટી, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨ ૦૫૦ ને મોકલી આપવા વિનંતી છે.

સદર વાંધાઓ / સૂચનો પરની સુનવણી તારીખ **૧૫/૦૬/૨૦૨૬** ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે આયોગના કાર્યાલય ખાતે હાઇબ્રિડ મોડમાં રાખવામાં આવેલ છે, એટલેકે હિતધારકોને વ્યક્તિગત રીતે અથવા VC (વિડિયો કોન્ફરન્સ) દ્વારા હાજર રહેવાનો વિકલ્પ છે.

-સહી-

**(રંજીથ કુમાર જે., આઇ.એ.એસ)**
**સચિવ, જી.ઈ.આર.સી.**

**ગાંધીનગર**
**તા. ૧૨/૦૫/૨૦૨૬**